જય સ્વામિનારાયણ

સનાતન ધર્મ પત્રિકા

સ્વામિનારાયણ સંપ્રદાય

વર્ષ ૧૦ | અંક ૧૮ | તા.૧૬-૦૪-૨૦૨૫ | સોમવાર | કિંમત રૂ. ૧૦

ધર્મ-નીતિ-સંસ્કૃતિ-સંસ્કાર-સેવાનું સાપ્તાહિક મુખપત્ર

૧૦ વર્ષ પૂર્ણ | ૧૦ મી વર્ષગાંઠ | ૧૦ TH ANNIVERSARY

મધ્ય ગુજરાત ઝોન સમાજની જનરલ સભા

પ્રમુખ પદે પુનઃ CA પ્રજ્ઞભાઈબાબુ પોકાર ની ૨જી ટર્મ માટે વરણી

ગતરોજ શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ ખાતે મધ્ય ગુજરાત ઝોન સમાજની જનરલ સભા ૨૮/૦૪/૨૦૨૫ ના રોજ "ઝોન બ્રહ્મ" ના સૂત્ર સાથે સવારે ૧૦ કલાકે યોજાઈ હતી. સભાની શરૂઆત સ્વામિનારાયણ ધૂન અને પ્રાર્થના પછી પૂજ્યશ્રી સત્યપ્રકાશદાસજી સ્વામીએ આશીર્વાદ પ્રવચન આપ્યા બાદ ઝોનના સંગઠન, સેવાકાર્ય અને ઉત્સવનુભવી અધિકારી તથા સેવાકાર્યમાં સક્રિયતા ધરાવતા ૧૦૦ કાર્યકરોની હાજરીમાં સભાનું કામકાજ શરૂ કરવામાં આવ્યું હતું. સભાનું સંચાલન ઝોન સમાજ ઉપપ્રમુખ સત્યપ્રકાશદાસ સ્વામીએ કર્યું હતું. સભાના પ્રારંભે ઝોન સમાજ મંત્રી ડૉ. ભરતભાઈ ગોહેલે ઝોન સમાજના વિગતવાર અહેવાલ રજૂ કર્યો. ત્યારબાદ ઝોન સમાજ ઉપપ્રમુખ સત્યપ્રકાશદાસ સ્વામીએ ઝોનની સંગઠનાત્મક સ્થિતિ અંગે વિગતવાર માહિતી આપી હતી.